SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# ૪૦. ઉત્તર ગુજરાતના સરહદી લોકસાહિત્ય સંશોધક અને સંપાદક : તગજી બારોટ 'તખત'નું જીવન અને કવન

ડૉ.મહેશકુમાર ઘનજીભાઇ ડાભી

**તગજી બારોટ 'તખત'નું જીવન અને કવન**

'તખત' તખલ્લુસથી સાહિત્ય સર્જન કરતા, સંપાદક, સંશોધક, વિચારક, વકતા, વિવેચક, ગઝલકાર, ગીતકાર, લોકસાહિત્યકાર અને કવિ, ગઝલકાર, વિચારક, વક્તા, સંશોધક,સંપાદક, વિવેચક અને પિંગળશાસ્ત્રના ઊંડા અભ્યાસી, ગુજરાતી, ઉર્દુ, મારવાડી ને ડિંગળી આ તમામ ભાષાઆમાં સર્જન કરતા, અક્ષ્રર બ્રહ્મના ઉપાસક, બધીજ પ્રતિભાનો સરવાળો અને મળવા જેવા માણસ એટલે કવિશ્રી તગજીભાઇ બારોટ

જન્મ ૧૫ ઓગસ્ટ ૧૯૫૨ના રોજ. પ્રાથમિકથી ઓલ્ડ એસ.એસ.સી સુધીનું શિક્ષણ એમણે વાવમાં લીધું. ૧૯૭૨માં પાલનપુરથી પી.ટી.સી પૂર્ણ કરી વાવ પાસેના વાંઢીયાવાસ પ્રાથમિક શાળામાં જોડાયા. ત્યાર બાદ બી.એ., બી.એડ પૂર્ણ કરી શૈક્ષણિક કારકિર્દીમાં ઉમેરણ કર્યુ. એ સમયમાં કામની કદર થતાં બી.આર.સી કો.ઓર્ડિનેટર તરીકે નિયુકત થયા. શિક્ષણક્ષેત્રે ખૂબ કામ કર્યું પણ કાબેલિયત હોવા છતાં સાહિત્ય ક્ષેત્રે કંઇ ખાસ ન કરી શકયાનો વસવસો. પછી તો કવિ નર્મદની 'જેમ તારે ખોળે છઉં' એમ નોકરી છોડી અને પાંચ વર્ષ વહેલી સ્વૈચ્છિક નિવૃત્તિ લઇ સાહિત્યમાં પરોવાઈ ગયાં.

જોવા જઇએ તો એ સમયે બનાસકાંઠામાં ડીસાથી પેલી બાજુ એટલે કે પાલનપુર આસપાસ શૂન્ય પાલનપુરી, શૈફ પાલનપુરી, ચંદ્રકાંત બક્ષી, જેવા સર્જકો અને વાચકો-ભાવકોની સાહિત્ય સર્જન અને રૂચિ ખૂબ જોવા મળતી. જયારે ડીસા પટ્ટાની આ બાજુ સાહિત્ય સર્જન અને રૂચિ બાબતે નિરાશા જોવા મળતી એ સમયે તગજીબાએ આ પંથકમાં સાહિત્યનાં બીજ વાયાં. વાવમાં સરકારી લાઇબ્રેરી છે થરાદમાં નથી, કારણ ? એના મૂળમાં એ સમયે કરેલા તગજીબાના પ્રયત્નો, થરાદમાં લાઇન્સ કલબના નેજા હેઠળ સ્પીકર કલબ ચાલે છે. તેના મૂળમાં પણ તગજીબાનું જ વિચારબીજ કામ કરે છે. અત્યારે સરહદી સાહિત્ય સભા ટ્રસ્ટના કવિ સંમેલનમા આપણે ઉપસ્થિત થયા છીએ. તે ટ્રસ્ટના મૂળમાં પણ તગજીબાનો મોટો ફાળો છે.

અક્ષરો સાથે ઓતપ્રોત રહેનાર અને અક્ષરો ઉપર ઓળઘોળ થનાર એક અક્ષર આરાધક જીવ
કવિની વ્યક્તિત્વની ઝલક એમની જ ગઝલના કેટલાક શેર ટાંકી કરૂ છું.

હૃદયમાં છેક ઊંડો જઈ શકું છું,
પવનથી પાતળો હું થઈ શકું છું.
હવે ઓ સુખ મારા, નોંધ લે તું,
હવે તારા વગર હું રહી શકું છું.

આ જ ગઝલના એક શેરમાં વ્યક્તિત્વ અભિવ્યક્તિ ઉડીને વળગે છે.

કરો ને ખાતરી નજદીક આવી,
સુગંધી રૂપ છું વળગી શકું છું!
મને છો ઓલવ્યો તો ઓલવ્યો લ્યો,
તમે પસ્તાશો તો પ્રગટી શકું છું.

અહીંની સરહદી પંથકની ભાષા, લોકજીવન, ઇતિહાસ, પાળિયાઓ પાછળ રહેલી કથાઓ વગેરેને સાહિત્ય સ્વરૂપ આપવામાં તગજીબાનુ પ્રસંશનીય કામ થયું. જૂદા જુદા મુર્ધન્ય સાહિત્યકારોના સંપર્કમાં રહ્યા અને સખાવતને જાળવી છે.

કવિશ્રી કરશનદાસ લુહાર આ કવિ માટે ચીંથરે વીંટ્યુ રતન શબ્દ પ્રયોગ કરે છે. જયારે સાહિત્યકાર જોરાવરસિંહ જાદવ કવિના નાના વિશે લખે છે કે,

“હું ઉત્તર ગુજરાતનો જમાઈ હોવા છતાં આ અંગે કશું સંશોધન હાથ ધરી શકયો નથી. આ પંથકના બારોટ કવિઓમાં ઉડીને આંખે વળગે એવું નામ ‘વાવ’ના રાજકવિ કાનજી ત્રિકમજી બારોટનું છે. જેમણે વર્ષો પૂર્વે કવિતા અને ઈતિહાસના અમર ગ્રંથો રચ્યા. માતૃ પક્ષે કાનજી બારોટ તગજીભાઈના નાના થાય. એમનો પિતૃ પક્ષ પણ સાહિત્ય વારસાથી સમૃદ્ધ અને ભર્યો ભર્યો છે.

જોરાવરસિંહ જાદવ એમના પિતાજી વિશે લખે છે કે, “તગજીભાઈના પિતા શ્રી કેશવજી બારોટ એમના સમયના આદરમાન કવિ, સંશોધક અને ઈતિહાસ વિદ વ્યક્તિ હતા. સરસ્વતીના પૂજારીથી લક્ષ્મી રીસાઈ ગયેલાં એટલે ગરીબી ઘરમાં આંટો દઈ ગયેલી. બાળપણ અને જુવાની ગરીબાઈમાં બસર કરવા છતાં આ સ્વમાની અને ટેકીલા કવિએ કયારેય કોઈની પ્રશંસા કરી નથી કે કોઈનાંય ખોટાં ગુણગાન કર્યા નથી કે કયાંય લાંબો હાથ કર્યો નથી.

દાતાઓ તરફથી મળેલ દાન-ભેટ કે જમીન જાયદાદાને આંગળી અડાડી નથી, વિનયપૂર્વક એનાથી જીવનભર અળગા રહ્યા. માતૃપક્ષ અને પિતૃપક્ષનો પાણીદાર સાહિત્ય અને સંસ્કૃત્તિનો વારસો લઈને જન્મેલા તગજીભાઈ કેટલા ભાગ્યશાળી છે !”

સાહિત્યકાર રાઘવજી માધડ તગજીબાના પિતા વિશે લખે છે કે, :- ઉત્તમ કવિતાકાર અને મોટાગજાના વિદ્વાન હતા. કેશવજી બાપામાં મોટી વાત હોય તો તેમની ખુમારી ! કોઈની પણ સામે લાંબો હાથ ન થાય, મરું પણ માગું નહીં તેવી ટેકવાળા. તેમના વખતમાં લોક કવિનું જીવન રાજ રજવાડા કે ઉદારાત્માઓને આશ્રિત હોય. આજીવિકાના નામે શબદનો ખેલ ખેલવાનો હોય ! આમ છતાં પેટ માટે કયારેય કોઈની પણ પ્રશસ્તિ કરી નહીં, વિદ્વતાનો વેપાર ન કર્યો! તેમની ખુમારી અને આત્મપીડાને વ્યક્ત કરતો તેમનો આ દુહો....

"કેશવ, પીડા પોટલું, ઉપાડ્યું મેં એક,
જનમ મળ્યો જાયક તણો, અને અજાચક ટેક."

તો વળી એમની કૃતિ – આ ઘરતી પીળી પાગાંરી વિશે ભાનુકુમાર ત્રિવેદી કહે છે કે, :-

“પીળી પાગડીઓ ધારી નરવીર નરબંકાઓનો જય જયકાર કરતી કવિતા 'આ ધરતી પીળી પાગાંરી' નું વાચન કર્યા પછી થયું; સરકારી કર્મચારીઓને અણગમતું, વગર પાણીયાળું, ગાંડા બાવળોથી ઘેરાયેલું 'વાવ' નગર કેવું ઊંચું મૂલ્યમાન સત્વ ધરાવે છે...! કેવા નર-વાઘ સમા પરાક્રમી પુરૂષો, કવિઓ, લોકસાહિત્યકારો અને માનવતા વાદી માણસોની આ ધરતીમાંથી નીપજ થઈ છે ! કવિતા વાંચ્યા પછી કોઈપણ વાચકને 'વાવેચી'માં વિહરવાની ઈચ્છા થઈ જાય એટલી હૃદયસ્પર્શી રચના કવિશ્રીએ અહીં મૂકીને પોતાની માતૃભૂમિને સાચી અંજલી આપી છે.”

બનાસની ઘરતીનું બીલીપત્ર નામના પુસ્તકમાં પ્રગટ થયેલ રચના મારો બનાસકાંઠોમાં તીર્થસ્થાનો અને લોકજીવનનો મહિમા લયબધ્ઘ રીતે વર્ણવાયેલ છે. બનાસકાંઠાની વિષેશતા અને તેના પ્રત્યેનો અહોભાવ એમની રચનામાં ઝીલાય છે.

ઉત્તરમાં અંબાજી આસન, ઢીમા ગઢ ઘરણીઘર
પાલનપુરમાં પાતાળેશ્વર, પૂજાતા પરમેશ્વર
રણને કાંઠે કરે રખોપા, નડેશ્વરીથી નાતો
સૌથી ન્યારો, સૌથી પ્યારો મારો બનાસકાંઠો...

આ રચના વિશે ભાનુકુમાર ત્રિવેદી કહે છે કે, આમાં કંઇક ખૂટે છે અને પછી કવિ બનાસ સાથે નર્મદાના મિલનની વાત કરે છે. એક સમય હતો કે વાવ, થરાદ, સૂઇગામ પંથકમાં છતી જમીને બીજે ભાગીયા બની બિન ખેડુતની જેમ જીવન નિર્વાહ કરવો પડતો. કવિ કવિતા કંઇક આ રીતે પૂરી કરે છે.

બનાસ સાથે કર્યાં બેસણાં, માત નર્મદા આવી
લીલોતરીના ઢગલે ઢગલા, ફાંટે ફાંટે લાવી
સુખના દાડા સામે આવ્યા, ભાઇ ભાઇમાં બાંટો

એમના સર્જન અંગે સાહિત્યકાર રાઘવજી માધડ લખે છે કે , તગજીભાઇ તમારા આ કાવ્ય સંગ્રહની હસ્તપ્રત વાંચ્યા પછી થયું, આમાં તો વાવ ઘરાની તળ માટીની મહેક છે ! આમાં તો કેશરીયા રંગના વધામણાં છે ! તમારા મહામુલા સર્જન વિશે આટલું જ કહેવું ઉચિત લાગે છે. તમે જેવુ લખો છો તેવુ જીવો છો, ને જેવું જીવો છો તેવુ લખો છો ! આમાં અતિશયોક્તિ જેવું નથી.

સંગંઘીત વ્યક્તિત્વ અને શબ્દ, સંગીત અને સંતવાણીના સાચુકલા સાધક કવિ તગજીભાઇ બારોટને સાહિત્યનો વારસો ગળથુંથીમાં જ મળ્યો છે. મોસાળ પક્ષ અને પિતૃપક્ષે એમ બન્ને પક્ષે સાહિત્યિક વાતાવરણ મળ્યું છે, સર્જકના નાના કવિ કાન વાવ સ્ટેટના રાજકવિ હતા, તો પિતાજી કેશવજી બારોટના ખોળામાં બેસીને ડિંગળ– પિંગળનું રસપાન કરેલું, ગળામાં, હદયમાં મા શારદાનો વાસ, સારા ગાયક અને ઉત્તમ વક્તા હોઈ ગામની આજુબાજુના ગ્રામજનોને સંતવાણી, સાહિત્યનું રસપાન કરાવે. બાળપણથી જ વાંચનનો જબરો શોખ ધરાવે, લોકસાહિત્ય મનગમતો વિષય, કવિ કાગ, કવિ ઝવેરચંદ મેઘાણી અને કવિ કલાપીના ખરા ચાહક એવા આ સર્જકનો વાંચન પ્રેમ એટલો જબ્બર કે પી.ટી.સીના વર્ષમાં રાજસ્થાન પ્રવાસે ગયેલા ત્યાં જયપુરથી “નાલંદા હિન્દી શબ્દકોશ” ખરીદી લાવ્યા, એ પણ ઊછીના પૈસા લઈને ! અધ્યાપકની મદદથી એ શબ્દકોશ મળતાં જ જે આનંદ મળ્યો એ અવર્ણનિય હતો. આવી જ ચિક્કાર વાંચવાની સુટેવના કારણે જ પોતાના ઘરમાં પોતાનું એક અલાયદું પુસ્તકાલય ઉભું કર્યું જેમાં આજે દુર્લભ બની ગયેલા અપ્રાપ્ય ગ્રંથો સહિત આશરે પાંચ લાખની કિમતના પુસ્તકોનો ખજાનો સચવાયેલો છે.

વાંચન અને ઊંડો અભ્યાસ આ સર્જકની આગવી પ્રતિભા છે, પિંગળશાસ્ત્ર સાથે સાથે ગુજરાતી, હિન્દી, ફારસી, ઉર્દુ, સંસ્કૃત, પ્રાકૃત અને અંગ્રેજી ભાષા સાથે સારું એવું પ્રભુત્વ ધરાવે છે. આ સર્જક કલાપીની, મેઘાણીની અસરમાં લખતા, પિંગળશાસ્ત્ર સિવાય પણ ઉર્દુ, અરબી, ફારસીના છંદોની જાણકારી મળી રહે તે માટે છંદ પરનું પુસ્તક અને શૂન્ય પાલનપુરીનું અરૂઝ પુસ્તક ભેટમાં મળે છે અને ગઝલના છંદોની વિશેષ જાણકારી મળતાં ગઝલ જેવા સાહિત્ય સ્વરૂપ પર પોતાની કલમ ચલાવે છે., એમના ગદ્ય જેટલી જ રસાળ અમેનું પદ્ય પણ છે. લોકસાહિત્યની સાથે સાથે એક સિદ્ધહસ્ત કવિ હોઈ લોકોના હદયમાં અનોખું સ્થાન ધરાવે છે. જેમની કાવ્ય રચનાઓ રંગતરંગ, કવિતા, કવિલોક, વિશ્રામ કે ગઝલવિશ્વ જેવા અનેક સામાયિકોમાં અવારનવાર પ્રગટ થતી રહે છે.

સાહિત્યકાર શ્રી તગજીભાઈ બારોટ ના **पीर प्रबंध** પુસ્તક નું વિમોચન રામાસરા મુકામે તા. 24/6/18 ના રોજ રાઘવજી માધડ અને નામાંકિત કવિઓ લેખકો, સાહિત્ય કારો ની હાજરી મા થયું..એના સાક્ષી રહેવાનો આનંદ છે. વિરપુરુષ તેના મૃત્યું પછી જીવતો હોય છે અને કવિઓ એને પુસ્તકો મા જીવંત રાખે છે. ગાયોના રક્ષણ માટે સરહદ ને પાર દૂશમનો ને ખદેડી લીલા માથા દેનાર શહીદ વીર લખાપીરદાદા નો વિરરસ થી તરબોળ ઇતિહાસ એટલે..." પીરપ્રબંધ" સાહિત્ય પ્રેમીઓ ઓ માટે અણમોલ પુસ્તક ગણાય જે બી.આર.સી ઓફીસમાં રૂબરૂ આવી મને ભેટ કરેલ..આ સિવાય એમનાં ‘આ ઘરતી પીળી પાગાંરી’, ‘રામ હિંદુ રાસોં’, ‘જવાળામુખી દેવીની સ્તુતિ’ પણ સપ્રેમ ભેટ કરેલ. એ માટે આ તબક્કે એમનો સપ્રેમ આભાર વ્યક્ત કરૂ છું.

કવિશ્રી પોતાના પિતાજી વિષે લખે છે કે,

મારા પિતાજી કેશાજી બારોટ અત્યારે હયાત નથી , તેઓ શ્રી તેમના સમયમાં ડિંગળ પિંગળના સારા કવિ તેમ જ એક ઈતિહાસવિદ વ્યક્તિ હતા. તેમનો પુસ્તક પ્રેમ એવો હતો કે તેઓ પુસ્તકો સાથે ઊંઘતા અને પુસ્તકો સાથે જાગતા ! ઘરની સ્થિતિ સાધારણ હોતાં ઘણી વાર ઘરની વાલી વસ્તુ વેચીને પણ પુસ્તકો ખરીદતા !

વારસામાં પૈસાને બદલે અમને અઢળક પુસ્તકો આપીને ગયા છે ; જેમાં ગુરુ કૌમુદી, લઘુ કૌમુદી , રસ રાજ , અમર કોશ કે પ્રવિણ સાગર જેવા અનેક પ્રાચિન અપ્રાપ્ય ગ્રંથો છે , આ પુસ્તકોમાંથી શાંતિ , સંતોષ અને સદબુદ્ધિ સાંપડે છે. મારા પિતાજી મારા પ્રભુ હતા/છે.

આ સર્જકના મુખ્ય સર્જન અને *સંપાદન વિશે જોઇએ...*
*(1) ગીતા માધુર્ય - સ્વામીશ્રી રામસુખદાસ કૃત ગીતા માધુર્ય, (પ્રશ્નોત્તર ગીતા)નું હિન્દીમાંથી સરળ ગુજરાતીમાં ભાષાંતર*
*(2) બોધપત્ર – (હિન્દી) ડૉ. વિન્ધ્યરાજસિંહ ચૌહાણ કૃત ‘ચૌહાણ સરીત્સાગર’ ગ્રંથની સમીક્ષા. ચૌહાણ અગ્નિવંશીય કે સૂર્યવંશીય ? આ વિષય પર ઇતિહાસ રસીકોને ગમે એવું એક આધારભૂત પૂસ્તક.*

*(૩) કાવ્ય ચંદ્રમણિ ભાગ : 1 – કવિ* કાન બાપુ કૃત કાવ્ય ચંદ્રમણિ ભાગ : 1ની કાવ્ય વિવેચના.

(4) આ ધરતી પીળી પાગાંરી – ગુજરાતી, હિન્દી, અને ડિંગળી કવિતાનું સંકલન મુર્ધન્ય સાહિત્યકાર જોરાવરસિંહ જાદવના શબ્દોમાં કહું તો :-

'આ ધરતી પીળી પાગાંરી' કાવ્ય સંગ્રહ વિભિન્ન વિષયો પરના કાવ્યોની ફૂલવાડી છે. તેમાં મોટા ભાગનાં કાવ્યો 'વાવ' ધરાની આન બાન અને શાન માટે ફના થનાર વીર પુરૂષોની વાત લઈને આવે છે. આ વીરલાઓને કવિએ નજરે નિહાળ્યા નથી પણ ધરતી માથે રોપાયેલા પાળિયા જોઈને કવિના હ્રદયમાંથી કાવ્યો પ્રગટયાં છે. એમની કવિતાનું પ્રેરક બળ પણ આ પાળિયા જ છે. તગજીભાઈ બારોટે પોતાની બળુકી કલમ દ્વારા પાળિયામાં જાણે કે પ્રાણ પ્રગટાવ્યા છે? એમની વીરતાને વધામણાં આપ્યાં છે! સાથે સાથે એમણે પિતૃ અને શ્વસુર પક્ષને ઉજવળ કરનાર વાવેચી પરગણાની વીરાંગનાઓનો પણ જય જયકાર કર્યો છે. ડિંગળ-પિંગળ છંદશાસ્ત્રના આ અભ્યાસી કવિએ 'કામકલા' છંદ દ્વારા જન્મ ભૂમિ વાવેચીની ધરતીની પણ વંદના કરી છે.

"આ ધરતી પીળી પાગાંરી, ખણખણ ખળકંતી ખાગાંરી,
અરિ જાળણહારી આગાંરી, રજવટ રણવટરા રાગાંરી.
ત્રંબાળું ગાજે ત્રાગાંરી, ફાગણરા ટાણે ફાગાંરી,
કરનાળાં કોપ કડાકાંકરી, જય હો વાવેચી વાઘાંરી."

(5) પીર પ્રબંધ – સ્વ. કવિશ્રી કેશવજી કૃત શહીદ વીર લખાપીરજીના જીવન અને કતૃત્વ પરના સંશોધનાત્મક પુસ્તક

(6) રામ હિંદુ રાસોં – રામાજી તથા હિંદુજી બારોટની વીર કથા(ભારતીય રાસા પદ્ય પ્રકાર)

રામાજીના પૂત્ર ભગજીની જાન રામસિણ ગામ જતી હોય છે. ત્યારે બાબુજી નામનો વણિક જાન સાથે જોડાઇ જાય છે. તેની પાસે ઘન હોય છે. એ વિસ્તારમાં મીણા ડાકુઓનો બહુ ત્રાસ હતો. ડિગપાઇશા(ડિપો) અને ડિકોશા(ડિક) મેણો જાનને ઘેરી લે છે. બારોટ હોવાના કારણે તેઓ જાનને જવા દેવા તૈયાર થાય છે. પણ વાણીયાને સોંપી દેવા માટે આગ્રહ કરે છે. પોતાના આશરે આવનારને સોંપાય નહીં, એમ કહીને રામાજી અને હિંદુજી પોતાના વચનમાં અટલ રહે છે. મેણા કોમના ડાકુઓ અને રામાજી-હિંદુજી વચ્ચે લડાઇ થાય છે. મેણાને મારીને આપણે મર્યા છીએ, એવી ખુશી બન્ને વ્યક્ત કરીને વીરગતિ પામે છે. રાસોમાં વીરરસ ઉપરાંત કરુણરસ પણ ઘુંટાયો છે. આજે પણ સણપર ગામના પાદરે ખોડાયેલ સાળા-બનેવીના બે પાળિયા ઝુઝારદેવીના થાનક પાસે જોવા મળે છે.

(7) ચંદ બરદાયી કૃત જવાલામુખી દેવીની સ્તુતિ – આ કૃતિ સંદર્ભે વિવેચન અને સંપાદનનું પુસ્તક(પૃથ્વીરાજ રાસોંમાંથી દેવી મહિમા માટે લખાયેલ કૃતિ એટલે જવાલામુખી દેવીની સ્તુતિ.) આ પુસ્તક માટે સાહિત્યકાર કનુભાઇ આચાર્ય કહે છે કે, "આ સંપાદન હિંદુ ઘર્મના મર્મનું સંક્ષિપ્તિકરણ છે."

આવનારા સંભવિત પુસ્તકો :

1. કવિ ગંગ કહે : (હાલ પ્રેસમાં) કવિ ગંગના કવન અને જીવન વિષયક
2. બનાસના લોકકવિઓ : (હાલ પ્રેસમાં)
3. તખત પિંગળ : ડિંગળી ગીતોનું પિંગળ
4. કાવ્ય રત્ન પ્રભા : ભક્ત કવિ કેશાજી કૃત કાવ્યગ્રંથ

સંદર્ભ –

૧. આ ધરતી પીળી પાગાંરી., કવિ તગજીભાઇ બારોટ પ્રથમ આવૃત્તિ., ૨૦૧૭

૨. રામ હિંદુ રાસોં : કવિ તગજીભાઇ બારોટ (શહીદ કથા) પ્રથમ આવુત્તિ, ૨૦૨૧

૩. પીર પ્રબંધ – સ્વ. કવિશ્રી કેશવજી કૃત શહીદ વીર લખાપીરજીના જીવન અને કતૃત્વ પર સંશોધનાત્મક પુસ્તક, સંપાદક તગજીભાઇ બારોટ., પ્રથમ આવુત્તિ, ૨૦૧૮

૪. ચંદ બરદાયી કૃત જવાલામુખી દેવીની સ્તુતિ : સંપાદન તગજીભાઇ બારોટ., પ્રથમ આવૃત્તિ., ૨૦૨૦